| | | | | |
|---|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૮/૦૫/૨૦૨૪ | | | |
| નોંધ્યા તારીખ | ૨૮/૦૫/૨૦૨૪ | | | |
| નિકાલ તારીખ | **૦૩/૦૬/૨૦૨૬** | | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ | |
| | ૨ | ૦ | ૬ | |

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT (CRL) No.(S) 1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A અન્વયેના નોટી** <u>**ફીકેશન નં.સી–૨૦૦૧–૯૩, તા.૨૦/૫/૨૦૨૨ ના ઠરાવેલ પ્રફોર્મા મુજબ**</u>

## FORM : A

**ના.શ્રી અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : ભુજ–કચ્છ**

**ફોજદારી કેસ નંબર : ૨૪૧૫/૨૦૨૪**

**આંક–બી/૨૪**

**એફ.આઇ.આર. ની વિગતો, ગુન્હો અને પોલીસ સ્ટેશન :–**

| | |
|---|---|
| પોલીસ સ્ટેશન<br>એફ.આઇ.આર. નંબર | **માધાપર પોલીસ સ્ટેશન**<br>**એ. પાર્ટ ગુ.ર.નં. ૧૧૨૦૫૦૩૯૨૩૦૭૨૮/૨૦૨૩** |
| ગુન્હો | **ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ** |
| **ત્હોમતનામા મુજબ ત્હોમત** | ઉપર મુજબ |
| **ફરીયાદી** | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br>(મુળ ફરીયાદી : દેવજીભાઇ રવજીભાઇ પરમાર) |
| વિધ્વાન એ.પી.પી. | **શ્રી એ.એન.ઠાકોર** |
| **આરોપી** | **હિનેશ અરવિંદભાઇ જોષી**<br>ઉ.વ. ૩૭, ધંધો–ડ્રાયવીંગ<br>રહે. સુરક્ષા સોસાયટી, જુનાવાસ, માધાપર,<br>તા. ભુજ–કચ્છ |
| **બચાવપક્ષ તરફે** | **વિધ્વાન વકીલ શ્રી એ.સી.જોષી** |

## FORM–B

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૭/૧૨/૨૦૨૩ |
| ફરીયાદની તારીખ | ૮/૧૨/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | ૩૧/૩/૨૦૨૪ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૧૭/૧૦/૨૦૨૪ |
| પુરાવો શરુ કર્યાની તારીખ | ૨૩/૧/૨૦૨૫ |
| ચુકાદો અનામતમાં રાખ્યા તારીખ | – |
| ચુકાદાની તારીખ | **ઉપર મુજબ** |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો | – |

## આરોપી/ઓની વિગત :–

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો, તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી ? | બી.એન.એસ.એસ. ની કલમ–૪૬૮ મુજબ ટાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે ? |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ઉપર મુજબ | ૧૧/૧૨/૨૦૨૩ | ૧૧/૧૨/૨૦૨૩ | ઉપર મુજબ | હુકમ મુજબ | – | – |

## FORM–C

## ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના પુરાવાનું લીસ્ટ :–

### (એ) ફરીયાદપક્ષ તરફે મૌખિક પુરાવા (જુબાની) :

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો | આંક |
|---|---|---|---|
| ૧. | દેવજીભાઇ રવજીભાઇ પરમાર | ફરીયાદી | ૬ |
| ૨. | જશુબેન દેવજી પરમાર | સાહેદ | ૧૧ |
| ૩. | ઇશ્વરભાઇ દેવજી પરમાર | સાહેદ | ૧૨ |
| ૪. | અજય દેવજી પરમાર | સાહેદ | ૧૩ |
| ૫. | ભાનુબેન રમેશ વાઘરી | સાહેદ | ૧૪ |
| ૬. | યુવરાજસિંહ રાઠોડ | સાહેદ | ૧૮ |
| ૭. | કશ્યપભાઇ હર્ષદભાઇ આચાર્ય | ત.ક.અ. | ૨૩ |

(બી) બચાવપક્ષે સાહેદો જો હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો | આંક |
|---|---|---|---|
| ૧. | – | – | – |

(સી) કોર્ટ સાહેદો જો હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો | આંક |
|---|---|---|---|
| ૧. | – | – | – |

ફરીયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૭ |
| ૨. | ઈન્કવેસ્ટ પંચનામું | ૧૫ |
| ૩. | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૧૬ |
| ૪. | પી.એમ. રીપોર્ટ | ૧૭ |
| ૫. | વાહનના પરીક્ષણ રીપોર્ટ | ૧૯, ૨૦ |

બચાવપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧. | – | – |

કોર્ટ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧. | – | – |

**-:: ચુકાદો ::-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૭/૧૨/૨૦૨૩ ના રોજ કલાક ૨૧-૦૦ વાગ્યા દરમ્યાન વિશ્વકર્મા નગર સામે સ્વામી નારાયણ નગર જવાના રસ્તે સી.એન.જી. પંપની સામે માધાપરથી નળ સર્કલ તરફ જતા રસ્તે જુનાવાસ ગામ માધાપર તા. ભુજ-કચ્છ મધ્યે આ કામના આરોપીએ પોતાના કબજાનું વાહન નં. જી.જે.-૧૩-એ.ડબલ્યુ.-૪૪૦૭ વાળુ પુરઝડપે, બેદરકારીપુર્વક અને ગફલતભરીરીતે પોતાની તથા બીજાની જીંદગી જોખમાય તે રીતે ચલાવી ફરીયાદીના ભત્રીજા ધીમેન્દ્ર રમેશ વાઘરી (દેવીપુજક) ની મોટર સાયકલ નં.જી.જે.-૧૨-ડી.ડી.-૯૩૭૨ ને ટકકર મારી ફરીયાદીના ભત્રીજાને મોંઢાના ભાગે ફ્રેકચર જેવી ગંભીર ઈજા પહોંચાડી તથા શરીરે છોલછાલ સહિતની ઈજા પહોંચાડી મોત નિપજાવી તથા પોતાના કબજાનુ વાહન લઈ જઈ નાસી જઈ ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો ગુનો કરેલ છે.

(૨) જે ફરીયાદ ઉપરોકત મુજબના શિક્ષાને પાત્ર ગુનાથી નોંધી, આ કામની તપાસ જે તે તપાસ કરનાર અધિકારીને સોંપાતા તેઓએ આ કામની તપાસ કર્યા બાદ તપાસના અંતે તેઓએ હાલનું આ ચાર્જશીટ આરોપી સામે ચીફ જયુડીશીયલ મેજીસ્ટેટ સાહેબ, ભુજની કોર્ટમાં રજુ કરેલું અને તેઓ સાહેબ તરફથી સદરહુ કેસ અત્રેની કોર્ટમાં ન્યાયિક કાર્યવાહી થવા માટે ટ્રાન્સફર થઈ ક્રમશ: આ કોર્ટમાં આવેલ છે.

(૩) ચાર્જશીટ રજુ થયા બાદ આરોપીને હાજર રહેવા સમન્સ કરવામાં આવતા તેઓ પોતાના વકીલશ્રી મારફતે હાજર થતાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૦૭ અન્વયે તેમની સામેના કેસના કાગળોની નકલો વિના મુલ્યે મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપી વિરુધ્ધ આંક-૪ થી ત્હોમતનામું ફરમાવી તે ત્હોમતનામાની વિગતો વાંચી, સંભળાવી, સમજાવી આરોપી વિરુધ્ધ ઉપરોકત ગુનાઓ સંબંધેનું નિવેદન/પ્લી આંક-૫ થી

નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ આક્ષેપવાળા ગુના કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવા માંગણી કરેલ છે. જેથી કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ઉપર મુજબ ફોર્મ–સી મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

(૫) ઉપરોકત પુરાવા સ્વિાય ફરીયાદપક્ષે વધુ કોઈ પણ જાતનો પુરાવો રજુ કરેલ નથી અને આ કામે ફરીયાદપક્ષે પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરતાં કિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેઓએ આક્ષેપિત ગુનાઓ કરેલા છે તે હકીકતનો ઈન્કાર કરેલ છે તેમજ વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે આવો કોઈ ગુનો કરેલ નથી ખોટી રીતે સંડોવેલ છે આથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે. પરંતુ પોતાના કથનના સમર્થનમાં કોઈપણ જાતનો પુરાવો રજુ કરેલ નથી.

(૬) ત્યારબાદ ફરીયાદપક્ષે વિદ્દવાન એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષ પોતાનો નિ:શંકપણે પુરાવો રજુ કરેલ હોઈ આરોપીને કાયદામાં ફરમાવેલ સખતમાં સખત સજા કરવા જણાવેલ છે.

(૭) બચાવપક્ષના વિદ્દવાન વકીલશ્રીની દલીલો સાંભળી. તેઓએ જણાવેલ છે કે હાલના કામે ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવો જોતાં આરોપીને હાલના ગુના કામે સાંકળી શકાય તેમ જણાઈ આવતું ન હોઈ નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૮) સદરહુ કેસના ન્યાયિક નિર્ણય અને નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુદાઓ ::-**

૧. શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવું સાબીત કરે છે કે, તા.૭/૧૨/૨૦૨૩ ના રોજ કલાક ૨૧-૦૦ વાગ્યા દરમ્યાન વિશ્વકર્મા નગર સામે સ્વામી નારાયણ નગર જવાના રસ્તે સી.એન.જી. પંપની સામે માધાપરથી નળ સર્કલ તરફ જતા રસ્તે જુનાવાસ ગામ માધાપર તા. ભુજ-કચ્છ મધ્યે આ કામના આરોપીએ પોતાના કબજાનું વાહન નં. જી.જે.-૧૩-એ.ડબલ્યુ.-૪૪૦૭ વાળુ પુરઝડપે, બેદરકારીપુર્વક અને ગફલતભરીરીતે પોતાની તથા બીજાની જીંદગી જોખમાય તે રીતે ચલાવી ફરીયાદીના ભત્રીજા ધીમેન્દ્ર રમેશ વાઘરી (દેવીપુજક) ની મોટર સાયકલ નં.જી.જે.-૧૨-ડી.ડી.-૯૩૭૨ ને ટકકર મારી ફરીયાદીના ભત્રીજાને મોંઢાના ભાગે ફ્રેકચર જેવી ગંભીર ઈજા પહોંચાડી તથા શરીરે છોલછાલ સહિતની ઈજા પહોંચાડી મોત નિપજાવી તથા પોતાના કબજાનુ વાહન લઈ જઈ નાસી જઈ ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૯) ઉપરોકત મુદાઓ પરત્વેના મારા નિર્ણય નીચે દર્શાવેલ કારણોસર નીચે મુજબ છે.

**નિર્ણય :-** ૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**-:: નિર્ણય માટેના કારણો ::-**

**મુદા નં. ૧ ની ચર્ચા :-**

(૧૦) આ કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલા પુરાવાના મુલ્યાંકનને લગતી મહત્વની બાબતની ચર્ચા કરવી અત્રે જરૂરી બને છે.

ભારતીય સાક્ષી અધિનીયમમાં પુરાવાના મુલ્યાંકન માટે કાયદા ધ્વારા પ્રસ્થાપિત કોઈ સર્વ સામાન્ય નિયમ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું તે, દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. પુરાવાના મુલ્યાંકનનો આધાર, ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૩ માં જણાવેલ સાબિત, ના સાબિત તથા બિન સાબિત ની વ્યાખ્યા પર આધારીત છે. ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૦૧ અને કલમ–૧૦૨ સાબિતીનો બોજો અને સાબિતીનો બોજો કોના ઉપર છે, તે બાબત પર પ્રકાશ પાડે છે. ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૦૧ મુજબ, "સાબિતીનો બોજો જે એમ ઈચ્છતો હોય કે તેણે પ્રતિપાદિત કરેલી હકીકતોની સાબિતીના અસ્તિત્વ ઉપર આધારીત કોઈ હકક અથવા જવાબદારી વિશે કોઈ બીજુ ન્યાયાલય ફેંસલો આપે, તો તેણે સાબિત કરવું પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે". ભારતીય પુરાવા અધિનીયમ કલમ–૧૦૨ મુજબ, 'બેમાંથી કોઈ પક્ષકાર તરફથી પુરાવો આપવામાં ન આવ્યો હોય તો જે વ્યકિત નિષ્ફળ જાય તેમ હોય તેના ઉપર દાવા અથવા કાર્યવાહીમાં સાબિતીનો બોજો છે'. સદર જોગવાઈ મુજબ ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે. ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રહીને સાબિત કરવાની હોય છે, જયારે આરોપીએ પોતાના બચાવમાં ફકત સંભવિતતાની શકયતા દર્શાવવાની હોય છે. જો ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ જાય તો તેનો સીધો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. ઉપરોકત મુજબના કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો અન્વયે હાલના કેસમાં પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૧૦.૧) આ કામના આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલા ગુના સંબંધે ફરીયાદપક્ષે નીચે મુજબના સાહેદોનો પુરાવો રજુ કરેલ છે.

<u>**સાહેદોનો પુરાવો :–**</u>

(૧૧) ફરીયાદપક્ષે આ કામના **ફરીયાદી દેવજીભાઇ રવજીભાઇ પરમારને આંક–૬ થી** સોગંદ ઉપર તપાસેલા છે. આ ફરીયાદી પોતાની સોગંદ

પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ એકાદ વર્ષ પહેલા નળ સર્કલ પાસે સી.એન.જી. પંપ પાસે તેમનો ભત્રીજો બાઇક લઇને જતો હતો તે સમયે છોટા હાથીના ડ્રાયવરે કટ મારતા તેમના ભત્રીજાની બાઇકને ટકકર મારેલી. બનાવ વખતે તેઓ ઘરે હતા અને તેમને બનાવની જાણ ફોનથી થતા તે જી.કે.જનરલ હોસ્પિટલે જઇને જોતા તેમના ભત્રીજાને મોંઢાના ભાગે ગંભીર ઇજાઓ થયેલી તથા હાથે તથા પગે અને શરીરે ઇજાઓ થયેલી. સારવાર દરમ્યાન તેમનો ભત્રીજો ગુજરી ગયેલ. બનાવ બાબતે તેઓએ ફરીયાદ આપેલી. જે ફરીયાદ આ કામે આંક–૭ થી રજુ છે. છોટા હાથીનો ડ્રાયવર તથા ગાડીના નંબર તેમને ખબર નથી. તે આરોપીને ઓળખે છે.

બચાવપક્ષની ઉલટતપાસમાં ફરીયાદીએ એ હકીકત કબુલ કરેલ છે કે બનાવ તેમણે નજરે જોયેલ ન હોવાથી કેવી રીતે બનેલો તેની તેમને જાણ નથી, બનાવવાળો રસ્તો હાઇવે છે અને સતત વાહનોની અવર જવર રહે છે.

(૧૨) ફરીયાદપક્ષે આ કામના **સાહેદ જશુબેન દેવજી પરમારને આંક–૧૧ થી, સાહેદ ઇશ્વરભાઇ દેવજી પરમારને આંક–૧૨ થી, સાહેદ અજય દેવજી પરમારને આંક–૧૩ થી, સાહેદ ભાનુબેન રમેશ વાઘરીને આંક–૧૪ થી** સોગંદ ઉપર તપાસેલા છે. આ તમામ સાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ બે વર્ષ પહેલા નળ સર્કલ પાસે સી.એન.જી. પમ્પ પાસે બનેલો. તેમનો ભત્રીજો ધર્મેન્દ્ર રમેશ વાઘરી મોટર સાયકલ લઇને જતા હતા અને બનાવ સ્થળે પહોંચતા એક દુધના ટેન્કરે મોટર સાયકલ સાથે ભટકાવેલ. બનાવ વખતે તેઓ ઘરે હતા. તેઓને બનાવની જાણ થતા તેઓ જી.કે.જનરલ હોસ્પિટલે આવીને જોતા ધર્મેન્દ્રને ઇજા થયેલી અને સારવાર દરમ્યાન મરણ થયેલ. અકસ્માત કરનાર વાહનના નંબર કે ચાલકની તેઓને જાણ નથી.

બચાવપક્ષની ઉલટતપાસમાં સાહેદે એ હકીકત કબુલ કરેલ છે કે બનાવ તેઓએ નજરે જોયેલ નથી તેમજ ગાડીના ચાલક અને તેના નંબરની તેઓને ખબર નથી.

(૧૩) ફરીયાદપક્ષે આ કામના **સાહેદ યુવરાજસિંહ રાઠોડને આંક–૧૮ થી** સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ આર.ટી.ઓ. કચેરીમાં મોટર વાહન નિરીક્ષક તરીકે ફરજ બજાવે છે. તા.૧૨/૧૨/૨૦૨૩ ના રોજ માધાપર પો.સ્ટે. એ. પાર્ટ ગુ.ર.નં.૭૨૮/૨૩ ના કામે અકસ્માતમાં નુકસાન પામનાર વાહનની યાંત્રિક પરીક્ષણ કરવા યાદી આવતા તેઓ માધાપર પો.સ્ટે. તા.૧૪/૧૨/૨૦૨૩ ના રોજ જઇ યાંત્રિક તપાસ કરેલી. ત્યાં એક ટાટા એસ વાહન નં. જી.જે.–૧૩–એ.ડબલ્યુ.–૪૪૦૭ નું નિરીક્ષણ કરતા તેના બ્રેક કંડીશન અને કનેકશન ઓકે જણાયેલ, વાહનમાં પાછળના ભાગે ડાબી બાજુ ડેમેજ જણાયેલ. ત્યાં મોટર સાયકલ વાહન નં.જી.જે.–૧૨–ડી.ડી.–૯૩૭૨ નું નિરીક્ષણ કરતા તેના પાછળની બ્રેક પેડલ બેન્ડ થઇ ગયેલ, કલચ લીવર તુટી ગયેલ, આગળની હેડ લાઇટ તથા ફેન્ડર તુટી ગયેલ જણાયેલ બ્રેક ટેસ્ટ થઇ શકેલ નહીં. બંને વાહનના રીપોર્ટ ઓળખી બતાવે છે અને આંક–૧૯ અને ૨૦ થી રજુ કરેલ છે.

બચાવપક્ષની ઉલટતપાસમાં સાહેદે એ હકીકત કબુલ કરેલ છે કે બનાવ બન્યો તે સમયે તેઓ તાત્કાલિક ગયેલ નથી, તેઓ બનાવ સ્થળે ગયેલ નથી, યાંત્રિક ખામીના જુદા જુદા કારણો હોઇ શકે છે. બનાવ સ્થળે વાદગ્રસ્ત વાહનની યાંત્રિક સ્થિતી થયેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે બનાવ સ્થળેથી પરીક્ષણના સ્થળ સુધી વાહન કેવી રીતે પહોંચ્યુ તે તેઓ કહી શકે નહીં.

(૧૪) ફરીયાદપક્ષે આ કામના **સાહેદ કશ્યપભાઇ હર્ષદભાઇ આચાર્યને આંક–૨૩ થી** સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૭/૧૨/૨૦૨૩ ના રોજ તેઓ માધાપર પો.સ્ટે. ખાતે ફરજ પર હતા ત્યારે એમ.એલ.સી. નં.૩૮૯/૨૩ ના કામે મરણ જનાર ધર્મેન્દ્ર વાઘરીનો અકસ્માત મોત થતા જનરલ હોસ્પિટલ ભુજ ખાતે જઇ એમ.એલ.સી. કામે પંચો રુબરુ ઇન્વેસ્ટ પંચનામું કરેલ, બાદ તેમના સંબંધી દેવજી રવજી પરમારની રુબરુની ફરીયાદ લઇ દાખલ થવા આપતા તે

દાખલ કરી આગળની તપાસ તેઓને ડેપ્યુટ થતા તેઓએ પંચો રુબરુ બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલ, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ, વાહનની યાંત્રિક તપાસ કરાવેલ, આરોપી હિનેશ જોષીએ અકસ્માત કરેલ હોઈ તેમને અટક કરેલ અને આરોપી વિરુધ્ધ પુરાવા પુરાવા હોઈ ચાર્જશીટ કરેલ. તેઓ આરોપીને જોયેથી ઓળખી શકે.

બચાવપક્ષની ઉલટતપાસમાં સાહેદે એ હકીકત કબુલ કરેલ છે કે બનાવ સંબંધીત ફોટોગ્રાફ ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી, આરોપીની ઓળખ પરેડ કરાવેલ નથી. બનાવવાળો વિસ્તાર સતત વાહનોની અવર જવરવાળો વિસ્તાર છે. તેઓએ સ્વીકારેલ છે કે પેટ્રોલ પંપના વિસ્તારમાંથી સી.સી.ટી.વી. ફુટેજ કબજે કરેલ નથી, આ કામે કોઈ નજરે જોનાર સાહેદ નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકન :–</u>**

(૧૫) ફરીયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત પુરાવાની હકીકત ધ્યાને લેવામાં આવે તો ફરીયાદી તથા સદરહુ તમામ સાહેદો જણાવે છે કે તેઓ બનાવ વખતે ઘરે હતા અને બનાવની જાણ થયેલ છે. તેઓએ બનાવ નજરે જોયેલ નથી અને બનાવ કેવી રીતે બનેલ તેની તેઓને ખબર નથી. વધુમાં અકસ્માત કરનાર વાહનના ચાલક તથા તેના નંબર તેઓને ખબર નથી તેમ જણાવેલ છે. આમ ફરીયાદી તથા સદરહુ સાહેદોના પુરાવાથી હાલના આરોપીએ સદરહુ અકસ્માત પોતાના કબજાનું વાહન બેદરકારીથી ચલાવી કરેલ હોય તેવી હકીકત પુરવાર થતી નથી.

(૧૫.૧) વધુમાં આ કામના આર.ટી.ઓ. કચેરીના કર્મચારી તથા તપાસ કરનાર અમલદાર પોતાની ફરજના ભાગરુપે પુરાવો આપેલ છે. તપાસ કરનાર અમલદારે કબુલ કરેલ છે કે આ કામે કોઈ નજરે જોનાર સાહેદ નથી અને તેઓએ આરોપીની ઓળખ પરેડ કરાવેલ નથી તેમજ બનાવ સ્થળના સી.સી.ટી.વી. ફુટેજ મેળવેલ નથી. આમ હાલના આરોપીની હાલના કામે કેવી રીતે સંડોવણી થયેલ તે સ્પષ્ટ થતું નથી અને શંકાસ્પદ બની જાય છે.

(૧૫.૨) આમ સદરહુ સાહેદના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતું નથી. આમ, હાલના સાહેદોની જુબાનીને આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી તથા તે સિવાય અન્ય કોઈ પુરાવો આ કામે રજુ કરવામાં આવેલ નથી.

(૧૬) ફોજદારી ધારાની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો ફરીયાદપક્ષે પોતાનો કેસ પોતાના પુરાવાથી સાબીત કરવાનો રહે છે અને ફરીયાદપક્ષ જો પોતાનો કેસ સાબીત કરવામાં સફળ ન થાય તો તેનો લાભ હંમેશા આરોપીને મળે અને અગાઉ ચર્ચા કરી તે મુજબ ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો આરોપીને હાલના ગુના કામે સાંકળી શકાય તેવો પુરાવો રજુ કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય તેવા સંજોગોમાં મુદા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદા નં.૨ અંગે છેવટનો આખરી હુકમ નીચે મુજબ ફરમાવવામાં આવે છે.

## **<u>-:: આખરી હુકમ ::-</u>**

૧. આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

૨. અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાંહેધરી માટે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૪૩૭(એ) અન્વયે આરોપીએ રૂ.૫,૦૦૦/- (અંકે રુપિયા પાંચ હજાર પુરા) લેખેના જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૦૩, માહે જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તા.૦૩/૦૬/૨૦૨૬
ભુજ-કચ્છ
MD

**(કે.સી.જોષી)**
અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
ભુજ-કચ્છ (કોડ નં.જીજે૦૧૧૩૨)